જા.નં./મા-૩/વશી/વર્ગ વધારો/૨૦૨૩/ ૯૪૧૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા૨૩-૦૬-૨૦૨૩

૨/- સામેલ પત્રની જાણ તથા કાર્યવાહી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) ઉચ્ચતર માધ્યમિક શાળા, (તમામ)
સુરત. જિ.સુરત.

**E-Mail**
તાત્કાલિક/અગત્યનું

ક્રમાંક:- ઉમશ/ઉમા-૩/વ.વ./૨૦૨૩/3256-3202
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુ.રા.,
તા. 23/5/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ.

**વિષય:-** **બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં જૂન ૨૦૨૩થી ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ વર્ગ વધારા ની જાહેરાતની બહોળી પ્રસિદ્ધિ તથા સુચનાઓ બાબત.**

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત ઉ.મા. શાળાઓમાં જૂન-૨૦૨૩થી ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ વર્ગ વધારાની અરજી કરવા અંગેની જાહેરાત **તા.૨૩/૦૬/૨૦૨૩**ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. શાળા દ્વારા વર્ગની **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૦૩/૦૭/૨૦૨૩** અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરીએ **સ્થળતપાસ કરી અરજી કમિશનર કચેરીને ઓનલાઈન સબમિટ કરવાની છેલ્લી તારીખ- ૧૫/૦૭/૨૦૨૩** છે.

આપના જિલ્લાની શાળાઓ વર્ગ વધારા માટેની દરખાસ્ત સમયસર કરી શકે તે માટે આ સાથે સામેલ રાખેલ જાહેરાતને આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવાની રહેશે તેમજ બહોળી પ્રસિદ્ધિ અર્થે તમામ શાળાના આચાર્યશ્રી/શાળા સંચાલકશ્રીઓને પરિપત્ર કરી આ બાબતની જાણ કરવાની રહેશે તેમજ વર્ગવધારાની અરજી અન્વયે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૧) વર્ષ ૨૦૨૩-૨૪ બિનસરકારી અનુદાનિત શાળામાં ક્રમિક વર્ગ માટે નિયત થયેલ દરખાસ્ત ફી ૨૫૦૦ રૂ ઓનલાઈન જમા કરાવવાના રહેશે.(ચલણથી ભરેલ ફી માન્ય રહેશે નહિ.) ઓનલાઈન ફી જમા થયા બાદ જ એપ્લીકેશન ફોર્મ ખૂલશે જેની ખાસ નોંધ લેવી. તેમજ આ બાબતે શાળાઓને જરૂરી સુચનાઓ આપશો.

(૨) આપની કચેરી દ્વારા સ્થળતપાસ કરી તેનો અહેવાલ આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ ઓનલાઈન રજુ કરવાનો રહેશે. શાળાની દરખાસ્ત પરત્વે આપની ભલામણ ન હોય તો વિગતવાર કારણ સહિત રીમાર્કસ આપવાના રહેશે.

(૩) કોઈ પણ ફાઈલ સદર કચેરીને હાર્ડકોપીમાં રજુ કરવાની રહેશે નહી.

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના લોગઈન આઇડી ગત વર્ષ મુજબ જ છે પરંતુ પાસવર્ડ દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી માટે એક સમાન **Cos1234** રહેશે જે તુરંત જ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પાસવર્ડ **Reset**(નવો પાસવર્ડ) કરવાનો રહેશે અને તેને ખાનગી રાખવાનો રહેશે. જો આ પાસવર્ડ લીક થવાથી વર્ગમંજુરીની દરખાસ્ત અન્વયે કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી ઠરશે.

(૫) આપના જિલ્લાની તમામ દરખાસ્તો સંપૂર્ણ વિગતો તથા તેના સૂચવેલ આનુષાંગિક આધાર પુરાવાઓ સહ રજૂ થયેલ છે કે કેમ ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે. અધુરાશવાળી/ખૂટતા આધારોવાળી અરજીઓની આપની કક્ષાએથી ચકાસણી કરી, શાળાના એકાઉન્ટમાં પુર્તતાના રીમાર્કસ સહ પરત

કરવાની રહેશે અને શાળા દ્વારા સમયમર્યાદામા પૂર્તતા થયા બાદ જ ઓનલાઇન નિયામકશ્રી,શાળાઓના એકાઉન્ટમાં સબમીટ કરવી. જેની નોંધ લેશો.

(૬) આપની કક્ષાએથી થનાર પરિપત્રમાં આપના જિલ્લાઓની તમામ શાળાઓને જાણ કરવી કે, **"શાળાએ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની ઓનલાઈન અરજી ચકાસતાં રહેવું તથા તેઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરના SMS ચકાસતા રહેવું, જો કોઈ ક્વેરી અંગે ઓનલાઈન અરજીમાં સૂચના/SMS મળે તો સમય બગાડ્યા વિના સત્વરે પુર્તતા કરી દરખાસ્ત પુન:સબમીટ કરવી, જો આવેલ પુર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહી આવે તો તે દરખાસ્ત ગ્રાહ્ય નહી રાખવામાં આવે અને તે માટે શાળામંડળ/આચાર્ય જવાબદાર બનશે."**

(૭) તા. ૦૩/૦૭/**૨૦૨૩**ના રોજ રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી અરજી માટે શાળાનું ઓનલાઈન એકાઉન્ટ ચાલુ રહેશે. ત્યારબાદ બંધ થઈ જશે.

(૮) આપના જિલ્લાની તમામ અરજીઓ અન્વયે સ્થળ તપાસ કરી, યોગ્ય રિમાર્કર્સ /નોંધ તેમજ અન્ય વિગતો અને આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ **તા.૧૫/૦૭/૨૦૨૩** સુધીમાં દરખાસ્ત **Online** સબમીટ કરવાની રહેશે.

(૯) અત્રેની કચેરી તરફથી ક્વેરીમાં મોકલવામાં આવતી દરખાસ્તની વિગતો **Copy** કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના ક્વેરીના **box** માં **Paste** કરવાની રહેશે, ત્યારબાદ શાળાકક્ષાએ મોકલવી જેથી, શાળા ક્વેરીની વિગતો સ્પષ્ટ રીતે જાણી શકે.

(૧૦) જિલ્લા સ્તરે મળેલ ક્વેરી દિન ૦૩ ની સમયમર્યાદામાં રી-સબમીટ થાય તે પ્રકારે શાળા પાસેથી ફોલોઅપ લેવાનું રહેશે.

(૧૧) આપના જિલ્લાની શાળાઓ દ્વારા દરખાસ્ત કરવાની અંતિમ તા.૦૩/૦૭/**૨૦૨૨** સુધીમાં કરેલ દરખાસ્તોના એપ્લીકેશન નંબર, શાળાનું નામ, માંગેલ ધોરણ-વર્ગ, પ્રવાહ, માધ્યમ, સંપર્ક નંબર સાથેની વિગત રજિસ્ટર્ડમાં નિભાવવાની રહેશે.

(૧૨) આપની કક્ષાએથી અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઈપણ દરખાસ્ત **submit** ન થાય તેની ખાસ કાળજી લેશો.

(૧૩) શાળાની **Online** દરખાસ્તો મળતાં જ આપની સ્થળતપાસ તેમજ આનુષાંગિક કાર્યવાહી શરૂ કરી દેવી સબમીશન માટે અંતિમ **તા.૧૫/૦૭/૨૦૨૩**ની રાહ ન જોતાં દરખાસ્ત **Online** સબમીટ કરતાં જશો.(નોંધ તા.૧૫/૦૭/૨૦૨૩ પછી કોઇ પણ સંજોગોમાં જિ.શિ.અ કચેરી સબમિટ કરવા માટેની સમયમર્યાદા વધારાવમાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી.)

(૧૪) સ્ટ્રકચર સ્ટેબિલિટી સર્ટિફિકેટ સક્ષમ સત્તાધિકારીશ્રીનુ અને વર્ષ:૨૦૨૩નું રજુ કરવા શાળાઓને સુચના આપની કક્ષાએથી આપવી તથા આપના તરફથી ચકાસણી કર્યા બાદ જ અત્રે દરખાસ્ત સબમિટ કરવી.

**ઉપરોક્ત વિગતે આપના જિલ્લાની તમામ શાળાઓની વર્ગવધારાની ઓનલાઈન અરજી અન્વયે કાર્યવાહી સમયમર્યાદામાં સુયોગ્ય રીતે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.**

**મદદનીશ શિક્ષણ નિયામક**
**૧૦+૨ ખાસ ઘટક**
**ગુ.રા.ગાંધીનગર**

(બિડાણ: જાહેરાત તા.૨૨/૬/૨૦૨૩)

**નિયામકશ્રી, શાળાઓની કચેરી,**

**બ્લોક નં. ૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

રાજ્યની બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિ **ધોરણ-૧૧ અને ૧૨ના ક્રમિક વર્ગ તથા વર્ગ વધારાની મંજૂરી મેળવવા** માટે ઓનલાઈ પ્રક્રિયા કરવા સંબંધિતોને જણાવવામાં આવે છે.

(૧) બિન સરકારી **અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિ** ધોરણ-૧૧ અને ૧૨ના ક્રમિક વર્ગ તથા વર્ગ વધારાની મંજૂરી મેળવવા માટે https://c પર જઈ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. અરજી કર **૨૦૨૩** રહેશે, અરજી માત્ર ને માત્ર ઓનલાઈન કરવાની રહેશે.

(૨) ઓનલાઈન અરજી કરવા અંગેની સુચનાઓ https://cosaddicl.gujarat.gov.i જે ધ્યાને લઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા આનુષાંગિક આધાર પૂરાવા ર અધુરી કે અસ્પષ્ટ આધારોવાળી અરજીઓ દફતરે કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(૩) પ્રત્યેક અરજી અન્વયે / વર્ગ દીઠ નિયત ફી રૂ. ૨૫૦૦/- ઓનલાઈન ભરવાની

(૪) હાર્ડ કોપીમાં મળેલ દરખાસ્ત તથા સમય મર્યાદા બાદ અરજી કરવાની છૂટ આપવ આવશે નહી.

**સ્થળ : ગાંધીનગર**

**તારીખ : ૨૨/૦૬/૨૦૨૩**